### ભારે પવન સાથે વરસાદ ખાબકતા ૧૫ વિઘાનાં સરગવાનાં ઝાડનો સોથ વળી ગયો

# કુંડલાનાં આંબરડીમાં વિનાશ વેરતું વાવાઝોડું : નુકશાન

## દિવાળીનાં તહેવારો સમયે ખાબકેલા વરસાદને કારણે આંબરડી વિસ્તારનાં અનેક ખેતરો જળ બંબાકાર થઇ જતા ખેતીપાકોને મોટી નુકશાની પહોંચી



## આંબરડીનાં પ્રગતિશીલ ખેડુત શ્રી દિનેશભાઇ માલાણીનાં ૧૫ વિઘામાં ઉભેલ પાકની તૈયારીવાળા સરગવાનાં ૨૦૦ જેટલા થડ જમીનદોસ્ત થયાં

આંબરડી,(સુભાષ સોલંકી)

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ સતત યથાવત છે.નવરાત્રી દરમિયાન જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડવાના કારણે નુકસાન થયું હતું.ગઈકાલે પણ અમરેલીના સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોને દિવાળીના તહેવાર સમયે મુશ્કેલી વધી રહી છે. સાવરકુંડલા તાલુકામાં ભારે વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાન પહોંચ્યું છે. તો ગઈકાલે અનેક ખેતરો જળબંબાકાર ની સ્થિતિમાં જોવા મળ્યા હતા. સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામના ખેડૂત દિનેશભાઈ માલાણી એ ૧૫ સરગવાનું વાવેતર કર્યું હતું જેમાં ગઈકાલે એક કલાક સુધી વરસેલા વરસાદના કારણે ખેતી પાકમાં નુકસાન પહોંચ્યું છે. સાંજના સમયે સતત ભારે વરસાદ પડવાના કારણે આખો સરગવાનો પાક ઢળી જતા મોટા પાયે નુકસાન પહોંચ્યું છે. રાજ્ય સરકાર ખેડૂતોની સહાય કરે તેવી માંગ કરવામાં આવી છે. આંબરડી ગામના ખેડૂત દિનેશભાઈ માલાણીએ હતું કે ૧૫ વીઘામાં સરગવા આવ્યા છે. નવરાત્રી પછી સતત વરસાદ વરસ્યો હતો તેમ જ ગઈકાલે તો ભારે પવન સાથે મીની વાવાઝોડું આવ્યું હતું જેમાં સરગવાના ૨૦૦ જેટલા થડીયા પડી ગયા છે.હવે શિયાળામાં દિવાળીમાં પાક આવવાની તૈયારી હતી. હવે મારે શું કરવું ?વરસાદ હજુ રોકાતો નથી કપાસ પણ ફેલ છે સિંગના પાથરા પડ્યા છે. અત્યારે ખૂબ જ નુકસાન થયું છે સરકાર ખેડૂતોની મદદ કરે તેવી ખેડૂતોમાં માંગ ઉથી છે. ૪ દિવસ પહેલા અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના લાયક દંડક કૌશિક વેકરીયા દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારમાં પડી રહેલા વરસાદના કારણે ખેડૂતોને સતત નુકસાન જવાના કારણે રાજ્ય સરકાર ખેડૂતોને સહાય મદદ કરે તે માટે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆતો કરી માંગણી પણ કરવામાં આવી છે.

### ફાયર સેફ્ટી જેવી કોઇ સુવિધા વિના

## રાજુલાની બજારોમાં ફટાકડાનાં ગોડાઉનો દુર્ઘટના નોતરશે ?...

### ગોડાઉન ધમધમતા હોવાથી દુર્ઘટનાની જવાબદારી કોની ?

રાજુલા,(જયદેવ વરૂ) રાજુલા શહેરમાં મુખ્ય બજારમાં આવેલ ફટાકડા ૧ થી ૩ ગોડાઉન જે સૌવથી મોટા ગોડાઉન શરૂ કરવામાં આવ્યા છે અહીંથી અન્ય નાના મોટા સ્ટોલ પર ફટાકડા નું સપ્લાય કરવામાં આવે છે અહીં ફાયર સેફટી એનોસી સહિતના નિયમ મુજબની પરમિશન છે કે કેમ? આ દિશામાં નગરપાલિકા વહીવટી તંત્ર તપાસ કરે તે જરૂરી છે મુખ્ય બજારમાં દિવાળી તહેવારમાં વધુ ભીડ જામતી હોય છે તેવા સમયે કોઈ આકાસ્મિત દુર્ઘટના બનશે તો જવાબદારી કોની? તેવા સવાલ ઉઠી રહ્યા છે ચારે તરફ દુકાનો રહેણાંક વિસ્તાર હોવા છતાં અહી ગોડાઉનની પરમિશન કોને આપી? તેવા સવાલ ઉઠી રહ્યા છે ઉચ્ચ અધિકારી ગોડાઉનની વિજીટ કરે તેવી શહેરીજનોએ માંગ ઉઠાવી છે રાજકોટ અગ્નિકાંડ જેવી ઘટના ફરીવાર પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવી જરૂરી છે મુખ્ય બજારમાં ફાયર ટેન્ક ફાયર ફાઈટર પોહચી શકે તેમ પણ નથી સાકડા રસ્તા હોવાને કારણે લોકોમાં પણ ભયનો માહોલ ઉભો થયો છે.ઉચ્ચ અધિકારીઓ અહીં તપાસ કરે ફાયર સેફટીના સાધનો છે કે કેમ? ખુલા જાહેર માર્ગો ઉપર કેટલીક દુકાનોને પરમિશન દર વર્ષે મળે છે તે આ વર્ષે જાહેર માર્ગો ઉપર ફટાકડાની દુકાનો શરૂ કરવામાં આવે છે તકેદારીના ભાગરૂપે કોઈ સેફટીના સાધનો રાખવામાં આવતા નથી જેના કારણે મોટી દુર્ઘટના બનવાનો ભય લોકોમાં છવાયો છે.

## અમરેલી સારહિ તપોવનમાં ભોજન કરાવાયું



અમરેલી,

સેવાને સરનામે ઉમળકા સાથે તા. ૧૩-૧૦-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ની સાથે સારહી પરીવાર નાં સભ્ય શ્રી દિગંતભાઈ ભટ્ટ, શ્રી ઉમંગભાઈ ત્રિવેદી, શ્રી શૈલેન્દ્રસિંહ ચૌહાણ તથા શ્રી હિરેનભાઈ ગજ્જર સહ પરિવાર ઉપસ્થિત રહી સમય અને ભોજન પ્રસાદ કરાવી ને છૂટા પડેલ સારહી પરિવાર દ્વારા હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### ઇન્ડિયન આર્મીમાં અગ્નીવીરની તાલીમ પુર્ણ કરી જોડાયેલા

# બગસરાનાં સપુતનું ભવ્ય શોભાયાત્રા સાથે સન્માન કરાયું

## શ્રી કૌશિક વેકરીયા, શ્રી જે.વી.કાકડિયા, શ્રી રશ્વિન ડોડીયા, અવધ ટાઇમ્સનાં તંત્રીશ્રી ભરત ચૌહાણ, શ્રી નિતેશ ડોડીયા, શ્રી એ.વી.રીબડીયા સહિત રાજકીય અને સામાજીક સંસ્થાઓ દ્વારા બગસરાનાં સપુતનું સન્માન કરાયું



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરાના નવયુવાન ઉદયભાઈ ભરતભાઈ જલસાણીયા સિકંદરાબાદ ખાતે અગ્નિવિર (ઈન્ડિયન આર્મી) ની તાલીમ પૂર્ણ કરી બગસરા પરત ફરતા તેમના પિતા ભરતભાઈ મધુભાઈ જલસાણીયા દ્વારા તેમના પુત્ર માં ભારત ની સેવા કાજે આર્મીમાં જોડતા તેમના હરખ થી પુત્ર ને વધાવતા ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરેલ જે બગસરા ગોકુળપરામાં આવેલ સરદાર પટેલ ની સ્ટેચ્યુ ને હારતોરા કરી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં સાધુ સંતો ની હાજરી માં ચુવાણીયા કોળી સમાજ ના ધર્મગુરુ ખડખડ વેલનાથ ધામ ના સાંઈનાથ બાપુ, બગસરા આપાગીગા ગાદી મંદિર ના મહંત જેરામબાપુ, ગોકુળપરા રામદેવપીર મંદિર ના મહંત ઘુસાભગત બગસરા સ્વામિનારાયણ મંદિર ના વિવેકસ્વરૂપ સ્વામી ધારી ખોડીયાર માતાજી ની જગ્યા ના સીતારામબાપુ બગસરા વેલનાથબાપુ ની જગ્યા ના દયારામદાસબાપુ, સહિતના રાજકીય આગેવાનો જેમ કે ગુજરાત સરકાર શ્રી ના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા ધારી બગસરા ના ધારાસભ્ય જે વી કાકડિયા અવધ ટાઈમ્સ ના તંત્રી ભરતભાઈ ચૌહાણ બગસરા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રિબડિયા બગસરા મંડળી ના ચેરમેન રશ્વીનભાઈ ડોડીયા જનરલ એમ ડી નિતેશ ડોડીયા જનરલ સેક્રટરી ડી જી મહેતા સૌરાષ્ટ્ર મંડળી ના ચેરમેન અનિલભાઈ વેકરીયા બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર બગસરા શહેર કોંગ્રેસ પ્રમુખ અનિલ શેખ બગસરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દુધાત બગસરા નાગરિક બેંક ચેરમેન છગનભાઈ હિરાણી સ્વસ્તિક નાગરિક શરાફી મંડળી ના ચેરમેન મનોજ મહીડા બગસરા મેઘાણી હાઈસ્કુલ પ્રિન્સીપાલ જેઠવા બગસરા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ દિનેશ હડિયલ બગસરા મુસ્લિમ અગ્રણી જમાલ સરવૈયા સહિત ના આગેવાનો આ શોભાયાત્રા માં હાજર રહ્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવા બગસરા ચૂવાળીયા કોળી સમાજના યુવા પ્રમુખ કમલેશભાઈ દેગામા અને રમેશભાઈ કરાણીયા ભારે જહેમત ઉઠાવી શોભાયાત્રા ને ભવ્ય થી ભવ્યાતિ બનાવી હતી.

# રાજુલાનાં કથીવદર પંથકનાં અરધી રાતનાં હોંકારા જેવા સ્વ.બીજલભાઇનાં સ્મરણાર્થે બાળકોને કરાવાતુ ભોજન

### પ્રા.શાળાના બાળકોને અલ્પાહાર અને મિઠાઇનું વિતરણ : આહિર સમાજમાં ઘેરો શોક



રાજુલા,(કનુભાઈ વરૂ) કથીવદર ગામના વરિષ્ઠ આગેવાન અને મુખીના દુ:ખદ અવસાન થતા દરેક જ્ઞાતિના લોકો બીજલભાઈ પરિવારને પાઠવવા આવી રહ્યાં છે. ગામનાં મોભી અને અરધી રાતનાં હોકારા જેવા કથીવદર ગામના બીજલભાઇ વાઘ ઉર્ફે મુખી તરીકે સમગ્ર આહીર સમાજ તેમજ અન્ય સમાજ મુખી તરીકેની બીજલભાઈની છાપ હતી કારણકે તે કોઈના સારા નરસા પ્રસંગમાં કે સમાધાન કરે વલણમાં તેઓ જરૂર જતા અને સમાજનું નહીં અન્યનું કામ હોય તો પણ મુખી પહેલા જ હોય તેમાં સૌથી મોટા પુત્ર રાણીંગભાઈ વાઘ જે બીજલભાઈ ના અવસાન પછી તેના ઉપર જવાબદારી આવી પડી છે. શ્રી બીજલભાઈનાં દુ:ખદ અવસાન થી સમગ્ર આહીર સમાજમાં તેમજ અન્ય સમાજમાં ખોટ પડી છે બીજલભાઈ રોટલે પણ મોટા હતા દરરોજ મહેમાન તો હોય જ ત્યારે તેના પુત્રો પણ બાપ એવા બેટા કહેવત છે ને બીજલભાઈનું અનુકરણ કરી તેમના પુત્રો પણ તેના બીજલભાઈના નિધન પછી બીજા દિવસે શાળાના બાળકો માટે દરરોજ સુવાળા કારજ સુધી જમાડે અને નાસ્તો કરાવે છે એ પણ મીઠાઈ દરરોજ ખવડાવવામાં આવે છે.

**જાફરાબાદના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ.જાફરાબાદ જી.અમરેલી**
**દિવાની પરચુરણ અરજી નં.૦૧/૨૦૨૪................મુદત તારીખ : ૧૮-૧૧-૨૦૨૪**

**અરજદાર** :- શ્રી તાત્કાલીક હનુમાનજી ગરીબ મંડળ ટ્રસ્ટ રજી.નં.ઈ/૧૬૦૩, જાફરાબાદ **પ્રશાંત સોમનાથભાઇ વૈદ**, પ્રમુખ તથા ટ્રસ્ટી, તાત્કાલીક હનુમાનજી ગરીબ મંડળ ટ્રસ્ટ **તપોવન ટેકરી**, નર્મદા સિમેન્ટ કંપની રોડ, **મુ.મીતીયાળા** રહે.સનસીટી-બી/૫૪૫૫, આંબે વિદ્યાલય સામે, દરબાર ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦૦૧૧

**વિરૂધ્ધ**............................. સામાવાળા............. કોઈ નહી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપર જણાવેલ અરજદાર પ્રશાંત સોમનાથભાઈ વૈદનાઓએ તેમના વિ.વકીલશ્રી કે.એમ.બારૈયા મારફતે ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે તથા તે અરજીમાં જણાવેલ છે કે, **સ્વ.શ્રી રાઘવદાસજી ઉર્ફે તપસીબાપુએ** પોતાની હયાતી દરમિયાન શ્રી તાત્કાલીક હનુમાનજી ગરીબ મંડળ ટ્રસ્ટ જાફરાબાદની તરફેણમાં **અનરજીસ્ટર વિલ યાને વસીયતનામુ** તા.૧૭-૦૭-૨૦૦૯ ના રોજ રાજકોટ મુકામે બે તટસ્થ સાક્ષીઓની રૂબરૂમાં પોતાની હયાતી દરમિયાન કરી આપેલ તે વિલ યાને વસીયતનામાવાળી **મિલ્કત જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામની નોંધ નં.૪૪૭ ની વિગતે મીતીયાળા ગામની સ.નં.૫૯ ની હે.આરે.ચો.મી. ૦-૩૮-૪૫ વાળી જમીન અંગેનું શ્રી તાત્કાલીક હનુમાનજી ગરીબ મંડળ ટ્રસ્ટની તરફેણમાં પ્રોબેટ કાઢી આપવા** અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહુ અરજ સબંધી લાગતા વળગતા કોઈપણ ઈસમને વાંધો તકરાર હોય તો તેમણે **પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, જાફરાબાદ** ખાતે **મુદત તારીખ : ૧૮-૧૧-૨૦૨૪** ના રોજ સવારના **૧૦:૩૦** કલાકે જાતે યા તમારા યોગ્ય રીતે માહિતગાર કરેલા મુખત્યાર વકીલ મારફતે જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેશો. તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીમાં આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૧૭-૧૦-૨૦૨૪ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| રાકેશ એચ.વાજા | કે.એમ.ગોસ્વામી | | બી.વી.પરમાર - રજીસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ જાફરાબાદ |


ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ

**બોનાન્ઝા બેન્કવેટ**
**કલાપી બેન્કવેટ**
**ગુલમહોર ફંકશન હોલ**



લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩


## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.બીજલભાઇ માયાભાઇ વાઘ (મુખી)**
સ્વ.તા.૧૩-૧૦-૨૦૨૪
(ઉ.વ.૮૦) ગામ : કથીવદર

તમે અમારી પાસે નથી, તે સનાતન સત્ય હોવા છતા ઘણી વાતો જીવનમાંથી વિસરાતી નથી.ઈશ્વરના ક્રમ મુજબ જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે. આપની વિદાયને સમયના પ્રવાહ વચ્ચે સ્મૃતિઓ હરપળ અમારા હૃદયમાં રહેશે આપના આશિષ સદા વરસતા રહે.. પ્રભુ આપના આત્માને શાંતિ આપે...

લી.
લખુભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ) - ભાયાભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ)
લાલાભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ) - જીકારભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ)
મુળુભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ) - બીજલભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ)
કનુભાઇ સામતભાઇ લાખણોત્રા (ભાણેજ) - અજુભાઇ બીજલભાઇ લાખણોત્રા (આતા)
શ્યામભાઇ બીજલભાઇ લાખણોત્રા (આતા) - સુંદરભાઇ બીજલભાઇ લાખણોત્રા (આતા)
સુરેશભાઇ બીજલભાઇ લાખણોત્રા (આતા) - ધ્રુવભાઇ બીજલભાઇ લાખણોત્રા (આતા)
લાખણોત્રા પરિવારના જય મુરલીધર મુ.દાતરડી


**માનસિક વિકાસ કેન્દ્ર - (મંદબુધ્ધિ)**

સ્થળ : પાંજરાપોળ ગૌશાળા અમરેલી

જીવદયા ભવન, જુની બજાર, જૈન દેરાસર પાસે, પાણી દરવાજા રોડ, અમરેલી



**કમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે**



માનસિક વિકાસ કેન્દ્ર - મંદબુધ્ધિમાં કમ્પ્યુટર ઓપરેટરની જગ્યા હોય જે માટે કુશળ અને અનુભવી સરકારી તેમજ અર્ધ સરકારી સંસ્થામાં કમ્પ્યુટરનો બે વર્ષની કામગીરીનો અનુભવ અને સરકારી કચેરી કામકાજનો અનુભવ ધરાવતાને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવે છે.

કમ્પ્યુટરનું જ્ઞાન કોર્ષ :- P.G.D.C.A. - DCA - COPA - BCA

રસ ધરાવતા વ્યક્તિઓ ઉપરોક્ત સરનામે પોતાના અનુભવના પ્રમાણપત્રો સાથે તારીખ : ૩૦-૧૦-૨૪ સુધીમાં અરજી કરવાની રહેશે.

વિશેષ માહિતી માટે સંપર્ક કરો : ૮૧૬૦૪ ૭૪૧૨૦



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

| • બાયપાસ બ્રાન્ચ • | • બાબરા બ્રાન્ચ • | • ધારી બ્રાન્ચ • |
|---|---|---|
| સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી. | સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯ | રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯ |

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૮-૧૦-૨૦૨૪ શુક્રવાર

# ચંપાઈ ભાજપમાં જોડાયા તેથી ભાજપને ચંપાઈ ફળવાની આશા

મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી. હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીરની ચૂંટણીની સાથે જ મહારાષ્ટ્ર ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવશે એવું મનાતું હતું પણ ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણીની તારીખોની જાહેરાત ટાળી હતી. હવે બંને રાજ્યોમાં ચૂંટણીની પ્રક્રિયા પૂરી થતાં જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. બલ્કે પંચે જાહેરાત કરવી પડી છે કેમ કે વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે અને ઝારખંડનો કાર્યકાળ ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પૂરો થાય છે. આ સંજોગોમાં ઝારખંડમાં ચૂંટણી પંચ પાસે બે મહિના જેટલો સમય છે પણ મહારાષ્ટ્રમાં રાહ જોઈ શકાય તેમ નથી એટલે ચૂંટણી પંચે મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર નાખી. ચૂંટણી પંચે ૧૪ રાજ્યોની ૪૮ વિધાનસભા અને ૩ લોકસભા સીટો માટે પેટાચૂંટણીની તારીખોની પણ જાહેરાત કરી નાખી છે.

ચૂંટણી પંચે કરેલી જાહેરાત પ્રમાણે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે જ્યારે ઝારખંડમાં બે તબક્કામાં ૧૩ અને ૨૦ નવેમ્બરે મતદાન થશે. મહારાષ્ટ્રમાં છેલ્લા બે વખત એટલે કે ૨૦૧૪ ૨૦૧૯માં એક તબક્કામાં જ ચૂંટણી યોજાઈ હતી કેમ કે મહારાષ્ટ્ર શાંત રાજ્ય છે અને ચૂંટણી દરમિયાન હિંસાનો ટ્રેક રેકોર્ડ નથી. ૨૦૧૪માં તમામ ૨૮૮ બેઠક માટે ૧૫ ઓક્ટોબરે મતદાન થયું હતું જ્યારે ૨૦૧૯માં એક તબક્કામાં ૩૦ નવેમ્બરે મતદાન થયું હતું. તેનાથી વિપરીત ઝારખંડમાં ચૂંટણી વખતે હિંસા ના થાય તો જ એવી હાલત છે. ઝારખંડમાં તો ચૂંટણી ધૂમધડાકાભેર જ થાય છે.

ઝારખંડમાં છેલ્લી બે વિધાનસભા ચૂંટણી પાંચ-પાંચ તબક્કામાં કરવી પડી છે ત્યારે આ વખતે બે જ તબક્કામાં મતદાન થશે એ સારું છે. બંને રાજ્યોનાં ચૂંટણી પરિણામો ૨૩ નવેમ્બરે આવશે. કેરળના વાયનાડમાં ૧૩ નવેમ્બરે જ્યારે બંગાળના બસીરહાટ અને મહારાષ્ટ્રના નાંદેડમાં ૨૦ લોકસભા બેઠકો માટે મતદાન થશે. કેરળની વાયનાડ બેઠક રાહુલ ગાંધીના રાજીનામાને કારણે ખાલી થઈ છે, મહારાષ્ટ્રની નાંદેડ બેઠક કોંગ્રેસના સાંસદનું અવસાન થવાથી ખાલી થઈ છે અને પશ્ચિમ બંગાળની બસીરહાટ બેઠક તૃણમૂલના સાંસદના નિધનને કારણે ખાલી થઈ છે.

આ ઉપરાંત ૧૩ નવેમ્બરે ૪૭ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે અને તેમાં મહત્ત્વની ઉત્તર પ્રદેશની ૯ બેઠકો છે. ઉત્તર પ્રદેશની નવ વિધાનસભા બેઠકો પર ૧૩ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે અને ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થશે. યુપીમાં ૧૦ બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની હતી, પરંતુ કોર્ટમાં દાખલ અરજીને કારણે મિલ્કીપુરમાં પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી નથી. ઉત્તરાખંડની કેદારનાથ વિધાનસભા બેઠક પર ૨૦ નવેમ્બરે મતદાન

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની સાથે સાથે આ તમામ પરિણામો ૨૩ નવેમ્બરે આવશે. ચૂંટણી પંચે કરેલી જાહેરાતના કારણે હવે દેશમાં ૨૩ નવેમ્બર લગી ચૂંટણીમય માહોલ રહેશે. બજારમાં અત્યારે સાવ મંદીનો માહોલ છે અને દિવાળી હોવા છતાં દિવાળી જેવું લાગતું નથી ત્યારે આ સામાન્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓના કારણે ગરમીનો માહોલ આવશે આશા છે.

રાજકીય રીતે મહારાષ્ટ્ર અને ઝારખંડ એ બંનેમાં વિધાનસભા ચૂંટણી અત્યંત મહત્ત્વની છે અને ભાજપ તથા કોંગ્રેસ એ બંને રાજકીય પક્ષો માટે નિર્ણાયક છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ સ્પષ્ટ બહુમતી ના મેળવી શક્યો પણ હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પ્રમાણમાં સારો દેખાવ કર્યો છે. હરિયાણામાં ભાજપ બેઠક જીતીને સળંગ ત્રીજી વાર સરકાર બનાવવા જઈ રહ્યો છે.

હરિયાણામાં અત્યાર સુધી કોઈ પણ રાજકીય પક્ષે સતત ત્રણ વખત સરકાર બનાવી નથી. હરિયાણામાં ભાજપન જીતની આશા નહોતી છતાં ભાજપ જીતી ગયો એ મોટી વાત છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ યોજાયેલી ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસે જીત મેળવી છે ઉમર અબ્દુલ્લાના નેતૃત્વમાં ગઠબંધન સરકાર બનાવવા જઈ રહી છે. કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સને ગઠબંધનને ૪૮ બેઠક મળી હતી. ૧૫ વર્ષ પહેલાં ૨૦૦૯માં પણ કોંગ્રેસ અને એનસી ગઠબંધનની સરકાર બની હતી. ત્યારે ઓમર ૩૮ વર્ષના હતા અને રાજ્યના સૌથી યુવા મુખ્ય પ્રધાન બન્યા હતા. જો કે મહારાષ્ટ્ર અને ઝારખંડ ભાજપ માટે વધારે છે. મહારાષ્ટ્ર તો ઉત્તર પ્રદેશ પછી દેશનું બીજા નંબરનું સૌથી મોટું રાજ્ય છે. યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે જ્યારે મહારાષ્ટ્રમાં ૪૮ બેઠકો છે એ જોતાં રાજકીય રીતે તો મહારાષ્ટ્ર મહત્ત્વનું છે જ પણ દેશનું કોર્પોરેટ કેપિટલ હોવાથી સૌથી વધારે ચૂંટણી ફંડ મળે છે તેથી મહારાષ્ટ્રમાં સત્તા હોય તેને ઘી-કેળાં જાય. આ કારણે પણ ભાજપ માટે મહારાષ્ટ્ર વધારે મહત્ત્વનું છે.

લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર અને ઝારખંડ બંનેમાં ભાજપનો દેખાવ બહુ વખાણવા જેવો નહોતો. મહારાષ્ટ્રમાં મહાયુતિ એટલે કે શિવસેના, ભાજપ અને એનસીપી અજિત પવાર જૂથની સરકાર છે પણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આ મહાયુતિને કારમી હાર મળી હતી. મહારાષ્ટ્રની ૪૮ બેઠકમાંથી ઈન્ડિયા ૩૦ અને એનડીએને ૧૭ બેઠક મળી હતી, જેમાં ભાજપને ૯, શિવસેનાને ૭ અને એનસીપીને માત્ર ૧ સીટ મળી છે. ભાજપને કુલ ૨૩ બેઠકનું નુકસાન થયું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૪૧ બેઠક મળી હતી. ૨૦૧૪માં આ આંકડો ૪૨ હતો એ જોતાં ૨૦૨૪માં ભાજપને અડધા કરતાં પણ ઓછી બેઠકો મળી છે.

મહાગઠબંધન એટલે કે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ની આગેવાની હેઠળની સરકાર છે જેમાં કોંગ્રેસ, આરજેડી અને ડાબેરી પક્ષો છે પણ લોકસભા ચૂંટણીમાં ૧૪માંથી ૯ બેઠકો સાથે ભાજપનો હાથ ઉપર રહેલો તેથી ભાજપ જીતનો આશાવાદ ધરાવે છે. ઝારખંડમાં ભાજપે સંથાલ પરગણા અને કોલ્હાન વિભાગની ૩૨ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હેમંત સોરેનને ભ્રષ્ટાચારના કેસમાં જેલભેગા કરાતાં રાજીનામું આપવું પડેલું અને ૧૫૬ દિવસ ચંપાઈ સોરેન મુખ્યપ્રધાન બનેલા. હવે ચંપાઈ ભાજપમાં જોડાયા તેથી ભાજપને ચંપાઈ ફળવાની પણ આશા છે.

# અમરેલીના ચિતલ રોડ ઉપર બે બાઈક સામ સામે અથડાતા પતિ પત્નિને ઈજા

## પુરઝડપે બાઈક ચલાવી એકટીવા સાથે ભટકાવી પતિ પત્નિને મુંઢ ઈજા કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી ચિતલ રોડ રાધિકા હોસ્પિટલ સામે અમરેલી સંકુલ પાછળ આનંદ નગર શેરી નં. ૪ ભોજલરામ રેસીડેન્સી ફ્લેટ નં. ૨૦૪ માં રહેતા યશોધરભાઈ પિયુષભાઈ વ્યાસ ઉ.વ. ૩૯ તથા તેમના પત્નિ એકટીવા જી.જે. ૧૪ એ.એચ.૯૯૪૬ લઈને તેમના પત્નિને રાધિકા હોસ્પિટલ ખાતે લઈ જતા હતા. તે દરમ્યાન બાઈક જી.જે. ૧૪ એ.ઈ. ૬૮૧૮ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી એકટીવાના પાછળના ભાગે ભટકાવી દેતા યશોધરભાઈ વ્યાસને ડાબા પગના થાપાના ભાગે ફેકચર કરી પત્નિને કમરના ભાગે તથા થાપાના ભાગે મુંઢ ઈજા કરી ગુનો કર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં મોચીવાડમાં રહેતા જગદીશભાઈ મોહનભાઈ જેઠવા તા. ૧૬-૧૦ ના રાત્રિના મચ્છી ભરેલ રીક્ષાના ફેરા કરતા હતા.

ત્યારે એમઆઈ કંપનીનો રૂ/.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ પડી જતા કોઈ ચોરી ગયાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૮.૧૦.૨૦૨૪, શુક્રવાર ,સંવંત ૨૦૮૦ આસો વદ , એકમ, અશ્વિની નક્ષત્ર , વજ યોગ,તૈતિલ કૌલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે .

### માતા ત્રિપુરા સુંદરી અને શ્રી વિદ્યા

નવરાત્રી દરમિયાન આપણે દશ મહાવિદ્યા વિષે વાત કરી હતી અને ઘણા મિત્રો આ પરત્વે વધુ જાણવા માંગતા હતા જેમાં હાલના સમયમાં જે બહુ ચર્ચામાં રહે છે તે શ્રી વિદ્યાની વાત કરીએ. દશ મહાવિદ્યામાં જેનું સ્થાન છે તે ત્રિપુરા સુંદરી જેનું આધિપત્ય ત્રણે લોકમાં છે અને ત્રિદેવની શક્તિ જેમનામાં નિહિત છે તે દેવી ત્રિપુરા સુંદરી તમામ સુખ સમૃદ્ધિ આપનારા અને સદા કલ્યાણકારી છે. માંનો મહિમા અપર્મપર છે જે રીતે ત્રણ નાડી ઈડા, પિંગલા સુષુમ્ણા છે જે રીતે વાત પિત્ત કફ ત્રણ પ્રકૃતિ છે જે રીતે બ્રહ્મા વિષ્ણુ મહેશ ત્રણ દેવ છે જે રીતે ત્રણ લોક છે એ રીતે ત્રણ પૂર ની દેવી ત્રિપુરા સુંદરી છે. ત્રિપુરા સુંદરી, જેને મહા ત્રિપુરા સુંદરી, રાજરાજેશ્વરી અને શોડશી તરીકે પણ ઓળખવામાં આવે છે, હિંદૂ ધર્મમાં શક્તિવાદી પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ



છે અને તેને બ્રહ્માંડની સર્વોચ્ચ શક્તિ તરીકે પૂજવામાં આવે છે. ત્રિપુરા સુંદરીનું પૂજન મુખ્યત્વે શ્રી વિદ્યા પરંપરામાં થાય છે, જ્યાં તેને જ્ઞાન, સૌંદર્ય અને શક્તીની સમન્વયના રૂપે માનવામાં આવે છે. આદિ શંકરાચાર્યએ માતા પર સૌંદર્ય લહેરી લખ્યું છે એ જ રીતે માતાના લલિત સહસ્ત્ર નામ સ્તોત્રનો પણ મહિમા છે અને તેના અદભુત મંત્ર પણ પ્રભાવશાળી છે. સાધક જયારે માતાની નજીક જાય છે ત્યારે ત્રણે કાળના દરવાજા તેના માટે ખુલી જાય છે અને માટે તેને ત્રણે કાળ થી અવગત કરાવી પછી કાળથી પણ પર લઈ જાય છે અને તેને જીવનમાં કોઈ બાબત ની ખોટ રહેતી નથી તથા મૃત્યુ પછી પણ સ્વર્ગલોકની ગતિ થાય છે. માતાની આરાધના શ્રી વિદ્યાના અનુપમ રસ્તે થાય છે જે ગુરુ પરંપરા મુજબ તેમાં આગળ વધવું જોઈએ.

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

# સાવરકુંડલાના મહુવા રોડ પર બે બાઈકો અથડાતા મહિલાને ઈજા

## અજાણ્યા બાઈક ચાલકે પુરઝડપે ચલાવી બાઈક સાથે ભટકાવી ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા મહુવા રોડ શ્રીકૃષ્ણ એન્ટરપ્રાઈઝ કારખાના સામે પુષ્પાબેન હિંમતભાઈ બગડા ઉ.વ. ૪૩ તેના પતિ સાથે પોતાનું સ્પ્લેન્ડર બાઈક જી.જે. ૧૪ એ.કયુ. ૬૧૨૪ લઈને મહુવા રોડ ઉપર આવેલ ગીરધરવાવ સેન્ટ થોમસ સ્કુલ પાસે પોતાની વાડીએ જતા હોય. તે દરમ્યાન મહુવા રોડ ઉપર આવેલ કૃષ્ણ એન્ટરપ્રાઈઝ કારખાના સામે પહોંચતા આશરે ૧૦ થી ૧૫ માણસોનું ટોળું ઉભેલ હોય. જેથી પુષ્પાબેનના પતિએ બાઈક ઉભું રાખી કોઈ જાણીતું છે કે નહી તેમ પુછપરછ કરી આગળ જતા હતા. તે દરમ્યાન કોઈ અજાણ્યા બાઈક ચાલકે પોતાનું બાઈક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી પુષ્પાબેનના બાઈક સાથે ભટકાવી જમણા પગની ઘુંટી પાસે ત્રણ ફેકચરની ઈજા પહોંચાડી નાસી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં વાહનચાલક સહિત ૯ નસેડીઓ ઝડપાઇ ગયા

## જુદા જુદા સ્થળેથી નવ શખ્સોને રાજાપાઠમાં ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી પોલિસે એક વાહન ચાલક સહિત નવ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા, બાબરા, અમરેલી, પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

# ધારીમાં ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન



અમરેલી, સ્પેશ્યલ ડ્રાઈવ' સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત તા. ૧૩/૧૦/૨૦૨૪ ને રવિવાર ના રોજ અમરેલી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયા સહ ઈન્ચાર્જ રિધ્ધેશ જોશી અને ટીમ દ્વારા ધારી શહેર ના બૂથ નં. ૧૧૭ માં ઘર-ઘર સંપર્ક કરી નાગરિકો ને ભારતીય જનતા પાર્ટી ના સદસ્ય બનાવવા માં આવ્યાં હતાં.

# ઇશ્વરીયામાં ઉછીની આપેલ રકમ પેટે લખી આપેલા ચેકો રિટર્ન થતાં એક વર્ષની સાદી કેદની સજા

## રૂા. ૧ લાખ ૮૫ હજાર ફરિયાદીને ચુકવી આપવામાં કસુર કરે તો વધુ ૬ માસની સજા

પ્રતાપપરા, (ગીરી ન્યુઝ)

અમરેલીના મે. શ્રી નામદાર ત્રીજા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ જજ શ્રી કે. એમ. વ્યાસ સમક્ષના ફરીયાદ કેસ નંબર:૯૧૮/૧૬ હુકમ ફરમાવેલ છે કે આ ફરીયાદ કેસના ફરીયાદી વિપુલભાઈ લાભુભાઈ બાલધા રહે. અમરેલીનાએ તેમના મિત્ર અને આરોપી વિમલ ભુપતભાઈ ઓડિયા રહે. ઈશ્વરીયાને સને-ઓગષ્ટ-૧૫ માં તેના ધંધાના વિકાસ માટે કુલ રકમ રૂા. ૩,૭૦,૦૦૦/- પુરા હાથ ઉછીના આપેલ હતા. તે હાથ ઉછીની રકમ આરોપી પાસે પરત માંગતા તે હાથ ઉછીની રકમ પરત ચુકવી આપવા માટે જુદા જુદા બે ચેકો લખી આપી જણાવેલ કે આ બંને ચેકો બેંકમાં જમા કર્યે પાસ થઈ જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપી ચેકો લખી આપેલ હોય જેથી આ કામના ફરીયાદીએ તે બંને ચેકો પૈકી તારીખ:૦૪/૦૩/૨૦૧૬ ના રોજનો લખી આપેલ ચેક ફરીયાદીના બેંકમાં પાસ થવા જમા કરાવતા આરોપીના બેંક ખાતામાં પુરતી રકમ જમા ન હોવાના કારણે ચેક પરત ફરતા આ કામના આરોપીને વકીલશ્રી દવારા નોટીસ આપેલ તેમ છતા આરોપીએ હાથ ઉછીની રકમ પરત આપેલ નહી ત્યાર બાદ આ કામના ફરીયાદીએ ઉપરોકત ફરીયાદ નંબર મુજબ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ કે કેસના પક્ષકારોને પુરતી રજુઆતોની તકો આપેલ અને બંને પક્ષકારોના વકીલશ્રીઓની તમામ રજુઆતો સાંભળ્યા બાદ ફરીયાદી તરફેના વકીલશ્રી જે. કે. સેંજલીયા ની રજુઆતોને નામદાર કોર્ટ દવારા ધ્યાને લઈ તેમજ આ કામના આરોપીએ લખી આપેલ ચેક કાયદેસરના લેણા પેટે જ લખી આપેલ છે તેવુ ફરીયાદી દવારા પુરવાર કરવામાં આવેલ છે તેવી તમામ હકીકતો સાબીત કરવામાં આવેલ છે તે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ કામના આરોપીને નામદાર કોર્ટે તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા કરેલ છે તેમજ સી.આર.પી.સી. ની કલમ-૩૫૭ (૩) અન્વયે ફરીયાદીને ચેક મુજબની રકમ રૂા. ૧,૮૫,૦૦૦/- પુરા ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરેલ છે અને જો આરોપી આ રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ છ માસની સજા ભોગવવાનો હુકમ ફરમાવેલ છે.

# લીલીયા ૧૦૮ની ટીમ દ્વારા અધૂરા મહિનાવાળી પ્રસુતિ એમ્બ્યુલન્સમાં કરાવી બેના જીવ બચાવાયા

## ઇમરજન્સી ૧૦૮ની ટીમ દ્વારા પ્રશંસનિય કામગીરી



અમરેલી, લીલીયા લોકેશનની ટીમને આજે સવારના ૫:૦૯ કલાકે લુવારીયા ગામના વાડી વિસ્તારનો ડિલિવરી નો કોલ મળતા તુરંત જ સ્થળ પર પહોંચી ગયા હતા. પરંતુ માતાને સિકલ સેલ પોઝિટિવ હોવાથી જનરલ સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે લઈ જવાની જરૂર હતી. પરંતુ દર્દીને લઈને લુવારીયા ગામથી અમરેલી જતા હતા ત્યારે રસ્તામાંજ ૧૦૮ એમ્બ્યુલનસ માંજ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ૧૦૮ ના ઈ સ્ વિશાલ પડસાલા અને પાયલોટ શૈલેષ ખોરાસિયા દ્વારા અનુભવના આધારે અધૂરા મહિને એટલે કે સાતમા મહિને ડિલિવરી કરવાની ફરજ પડી હતી અને માતાને સિકલ સેલ પોઝિટિવ હોવાથી આ ડિલિવરી અતિ જોખમી હોવા છતાં ૧૦૮ ની ટીમ દ્વારા એમ્બ્યુલન્સ માંજ નોર્મલ ડિલિવરી કરાવી હતી અને બાળકના ધબકારા ઘટી જવાથી છાતી પર દબાણ(CPR) અને કુદરતી શ્વાસ(BVM) અને ઓક્સિજન દ્વારા સારવાર આપીને માતાને અને બાળક ને બંનેના જીવ બચાવીને ૧૦૮ ની ટીમનો દર્દીના સગાએ આભાર માન્યો હતો.

# બગસરામાં વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૫-૧૦-૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ. ચંદુભાઈ હરિભાઈ મહેતા તથા સ્વ. શોભનાબેન ચંદુભાઈ મહેતાના સ્મરણાર્થે મનુભાઈ હરિભાઈ તથા પ્રવીણભાઈ હરિભાઈ મહેતા પરિવાર-બગસરાના સૌજન્યથી ૬૦૬ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. પરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૫-૧૦-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

### શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીને

# લોન પેટે આપેલ ચેક રિટર્ન થતાં આરોપીને બે વર્ષની કેદની સજા

## મંડળીના એડવોકેટ ચંદ્રેશભાઇ બી. મહેતા તથા અશોક બી. વાળાની ધારદાર દલીલો



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ચલાલા શાખાના બાકીદાર લલીતભાઈ પ્રવીણભાઈ જયસ્વાલ રે. ચલાલાએ મંડળીમાંથી રૂ. ૫૦,૦૦૦ સભાસદ શાખ લોન લીધેલ જે ધિરાણ વસુલાત લોન બાકી પેટે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તા. ૧૭/૦૩/૨૦૨૩ ને મંડળીને રકમ રૂ. ૬૪,૯૦૨/-નો ચેક આપેલ, જે ચેક મંડળીના બેંક ખાતામાં કલીયરીંગમા નાખતા જે અપુરતા બેલેન્સને કારણે પરત ફરેલ મંડળીના ચેરમેનશ્રીના માર્ગદર્શન તળે નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ-૧૩૮ ફરિયાદ દાખલ પૂર્વે મંડળી તરફથી વકીલ મારફત આપવામાં આવેલ હતી, તેમ છતાં આરોપીએ મંડળીની રકમ આપેલ નહીં જેથી મંડળી દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી, જે અમરેલી ચીફ કોર્ટમાં કેસ ચાલી જતા કાનૂની કાર્યવાહી દરમ્યાન મંડળી તરફથી એડવોકેટશ્રી ચંદ્રેશભાઈ બી.મહેતા તથા અશોક બી.વાળાની ધારદાર દલીલો કોર્ટ સમક્ષ રજુ કરેલ ત્યારબાદ અમરેલી ચીફ કોર્ટના અપાયેલા આરોપીને બે વર્ષની સાદી કેદ તથા ૯ % ના વ્યાજ સહિત ફરિયાદી મંડળીને રકમ ચૂકવવા હુકમ ફરમાવવામાં આવેલ છે મંડળીમાંથી જે હેતુસર ઉપાડ કરેલ કર્જની રકમ નિયત મુદતમાં વસુલ ન આપતા બાકીદારોમાં ભય સાથે ફફડાટ વ્યાપેલ છે.

# રાજુલા અને અમરેલીમાં વાહનચાલકો અને બે ફ્રુટની લારીઓ સામે પોલીસે ગુના નોંધ્યા

## ટ્રાફીકને અડચણરૂપ થાય તેવી સ્થિતિમાં રોડ ઉપર રાખી મળી આવતા કાર્યવાહી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં ટ્રાફીકને અડચણરૂપ વાહન ફ્રુટની લારીઓ રાખી ધંધો કરતા તેમજ નડતરરૂપ વાહનો રાખતા પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં રાજુલામાં શાકમાર્કેટ પાસે એસબીઆઈ બેંક સામે અજય બાબુભાઈ પરમાર પોતાની જેન ફોરવ્હીલ જી.જે. ૧૪ ઈ. ૩૪૯૯ ટ્રાફીકને તથા રોડ ઉપર આવતા જતા રાહદારીઓને અડચણરૂપ થાય તેવી સ્થિતિમાં મળી આવતા પો. કોન્સ. નિતિનભાઈ ખસતીયાએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી બાલમુંકુંદ જવેલર્સ સામે ઓટો રીક્ષા જી.જે. ૦૭ વાય. વાય. ૩૩૬૧ ગફાર ઓસમાણભાઈ કાલવા ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે મળી આવતા પો.કોન્સ. ધરમભાઈ રાઠોડે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી શાકમાર્કેટ પાસે ફેસલ સુલેમાનભાઈ મામદાણીને પો.કોન્સ. અતુલભાઈ માટીયાએ તથા ઓસામા અલારખભાઈ બોદલા ફ્રુટની લારી જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે મળી આવતા હે. કોન્સ. સંજયભાઈ મારૂએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અખીલ ભારતીય રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘનાં હોદ્દેદારોની વરણી


## ભીખાભાઇ પટેલની રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ તરીકે વરણી



અમરેલી, અખિલ ભારતીય રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘનાં હોદ્દેદારોની ચુંટણી કરાતા ભીખાભાઈ રવાભાઈ પટેલની ઉપાધ્યક્ષ તરીકે નિમણુંક કરેલ છે. રાષ્ટ્રિય કારોબારી ભોપાલ મુકામે મળી હતી જેમાં સંગઠન અંગે ચર્ચા કરી પદાધિકારીઓની નિમણુંક કરેલ. સાથે શ્રીમતી પલ્લવીબેન પટેલને સંયુક્ત સચિવની રાષ્ટ્રકક્ષાએ જવાબદારી સોંપવામાં આવી છે તે બદલ અમરેલી જિલ્લાના વતની અને રાષ્ટ્રિ શૈક્ષિક મહાસંઘનાં આમંત્રીત અધિકારી ભાભલુભાઈ વરૂ તથા જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયા અને હોદ્દેદારો ભાઈ બહેનોએ અભિનંદન પાઠવ્યાં છે.

# કડી નજીક ભેખડ ધસી પડતાં માર્યા ગયેલાઓને પુજયશ્રી મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

## દરેકને ૧૫-૧૫ હજાર મળી કુલ ૧, ૩૫, ૦૦૦ની સહાય



